

**"ના બાપા, આ પૈસા લઈ લો. પાછા આપવાની ભાવના રાખેલી એટલે જ ભગવાને આપ્યા. તમારું આમ લઈ લવું તો મારામાં મફતનું લેવાની વૃતિ ઊભી થવા માંડે જે મને ન પોષાય"**

# ગવુભાએ ડાહ્યાભાઈની આંખોમાં છુપાયેલો ભય જોયો

**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

1985નો ધોમધખતો ઉનાળો. જામનગરના દલતુંગીગામની સીમમાં ગવુભા પોતાની વાડીએ કામ કરી રહ્યા હતા. શરીર પરસેવાથી રેબઝેબ થયું પણ તેમના હાથ રોકાતો નહોતો. એ વચ્ચે એમણે દૂરથી એક પુરુષ અને એની આંગળી પકડી સાથે ચાલતી નાનકડી છોકરીને પોતાના તરફ આવતા જોયા. "આ તો ડાહ્યો છે! ગામના છેવાડે રહેતા સલાટ પરિવારોનો આગેવાન." ગવુભાની આંખોમાં આશ્ચર્ય ઝળહળ્યું. ખરો બપોર લઈને આ કેમ આવતો હશે એ વિચાર ગવુભાને આવ્યો. થોડીવારમાં ધૂળથી ભરેલા પગ ને પસીનાથી ભીંજાયેલા કપડે ડાહ્યોભાઈ ગવુભાની સામે રામ રામ બાપા કહીને ઊભો રહ્યો. ગવુભાએ, રામ રામ કહીને "ખરો બપોર સીદ લીધો. હાંજેકના ઘીરેય આવી હક્યો હોત" એવું કહ્યું. "એ હાચી વાત બાપલા પણ તમારું ઋણ ચુકવવાનું હતું એમાં મોડુ થાય ઈ નો પાલવે."

"ક્યું ઋણ?"

"કીમ બાપા યાદ નથી મારા ઉષ્માનનીયાને દવાખાને લઈ જવા તમે ટાંકણે પાંચસો દીધાતા ને એ."

"એ તો મે એમ જ દીધેલા!"

"તમે ભલે એમ જ દીધા પણ મારી ખાનદાની હું નો ભુલુ ને? લો બાપા" એમ કહીને ડાહ્યાભાઈએ પોતાના ખીસ્સામાંથી પાંચસો રૂપિયા કાઢી ગવુભા સામે ધર્યા. ગવુભા તો ડાહ્યાભાઈની આ ખુમારીથી અવાક થઈ ગયા. બે વર્ષ પહેલાની વાત છે. ડાહ્યાભાઈના દીકરા ઉષ્માનના હાથમાં કામ કરતા ઘા પડ્યો. પહેલી નજરે સામાન્ય ઈજા લાગી, પણ ધીમે ધીમે હાથમાં દુખાવો વધતો ગયો. હાથ સૂજવા લાગ્યો, આંગળીઓ સુન થવા લાગી અને અંતે એવી સ્થિતિ આવી ગઈ કે હાથ કામ કરતો બંધ થયો. ડાહ્યોભાઈ ચિંતામાં પડી ગયો. ગરીબ માણસની રોજીરોટી હાથની મહેનતથી, એ હાથ કામ કરતો બંધ થાય તો જીંદગી બેકાર થઈ જાય. ઓશિયાળી વેઠવાની થાય. દીકરાનો હાથ ઠીક થાય એ માટે શું કરુ એ પ્રશ્ન એમના મનમાં રોજ ઘૂંટાય. ડાહ્યોભાઈ ગામના ખેડૂતના ત્યાં દિવસભર હાડમારી કરે. કોઈના ખેતરમાં નિંદામણ, ક્યાંક વાવણી, તો ક્યાંક ખેતર ખેડવાનું કામ કરે. ખેતીની સીઝન ચાલતી હોય ત્યારે રોજ સવાર પડે ને ખાલી હાથે ઘર બહાર નીકળતો ડાહ્યોભાઈ સાંજે થોડાં રૂપિયા અને વધારે થાક સાથે ઘરે પાછો ફરે. ડાહ્યાભાઈનો ગામના સૌ સાથે વ્યવહાર સારો એટલે ઉષ્માનન બિમાર પડ્યો એવી જેમને ખબર પડી તે સૌ ખબર પૂછવા આવ્યા. સૌ આવીને સહાનુભૂતિ બતાવે. કોઈ કહે, જામનગર લઈ જા, તો કોઈ કહે ફલાણાગામમાં ખૂબ સારા વૈધ છે એને બતાવો તો કોઈ કહે, ચિંતા ન કર સમયે આવે સારુ થઈ જશે. પણ કોઈ પોતાના ખીસ્સામાં હાથ નાખીને મદદ કરવાનો વિચાર ન કરે. ડાહ્યોભાઈ ગરીબ એને પૈસા આપે તો પાછા આવશેની કોઈને ખાત્રી નહોતી. એટલે કોઈ એ બાબતે પુછતું પણ નહોતું. ડાહ્યોભાઈ આવનાર સૌને ખાટલે બેસાડે. એમના દ્વારા સલાહો અપાય તે સાંભળે ને હાથ જોડીને "હા બાપલા" એટલું બોલે. ડાહ્યાભાઈના ઘરના એમને કહેતા, "આ બધા ખબર કાઢવા આવે તે એમને ક્યો ને મદદ કરે." પણ ડાહ્યાભાઈ,

फटे लिबास में भी एक कायदा रखा मैंने,
भूख के सामने सर नहीं झुकाया मैंने।

સાહિર લુધિયાનવીની આ પંક્તિઓ જીવતા હતા, એમણે કોઈ સામે હાથ લાંબો ન કર્યો. આવામાં એક દિવસ ગવુભાને ઉષ્માનનની તબીયતની ખબર પડી. એ પણ ખબર પુછવા આવ્યા. એ વખતે ઉષ્માનની સામે ઢાળેલા ખાટલામાં ગામના અન્ય આગેવાનો બેઠા હતા. સૌ સલાહ આપી રહ્યા હતા. પણ ગવુભા નોખા હતાં. એમણે દીકરાનો હાથ જોયો, ડાહ્યાભાઈની આંખોમાં છુપાયેલો ભય જોયો. એમના મનમાં વેદના જાગી. ડાહ્યોભાઈ પોતાના ખેતરમાં કામ કરતો માત્ર મજૂર નહોતો પણ આજે એમણે એક લાચાર પિતાને જોયો, જે પોતાના બાળકને બચાવવા બેચેન હતો. ગવુભા આ બધુ જોઈ રહ્યા હતા. એમણે ગામના આગેવાનો ઊઠીને ગયા પછી પોતાના ખિસ્સામાંથી પાંચસો રૂપિયા કાઢીને ડાહ્યાભાઈને આપીને કહ્યું, "ડાહ્યા તું કાળજુ મોટુ કર. આને ઝટ જામનગર દવાખાને લઈ જાય નકર હાથ ગુમાવવાનો વારો આવશે." ડાહ્યાભાઈના પગ કંપી ગયા. "પણ બાપા હું બાપા આટલા બધા રૂપિયા હું પાછા કેવી રીતે દઈશ?" ગવુભા હસ્યા. "એની ફિકર ન કર. પૈસા પાછા લેવા નથી આઈપા. દીકરાનો હાથ બચી જાય તો બસ."

1983માં 500 રૂપિયા કોઈ સામાન્ય રકમ નહોતી. ખેતરમાં કામ કરનાર ખેતમજૂર માટે કેટલાય મહિનાની કમાણી હતી. આટલી મોટી રકમ એ પણ સામે ચાલીને આપવાનું સાહસ સામાન્ય રીતે કોઈ ન કરે. પણ ગવુભા નોખા વ્યક્તિ હતા. એ માનવતાવાદી હતા. એ જાણતા હતા કે ઉષ્માન ભવિષ્યમાં એક પરિવારને નભાવનાર મોભી થવાનો. એનો હાથ નકામો થઈ જાય અથવા દીકરો ગુમાવવાનો થાય તો ડાહ્યો જીવતે જીવત મરી જવાનો. ગવુભાએ લાંબી દૃષ્ટિ રાખી એક પરિવારના ભવિષ્યને બચાવવા પ્રયાસ કર્યો. ડાહ્યાભાઈએ પૈસા લીધા. દીકરાને લઈને જામનગર ગયા. હોસ્પિટલ, દવાઓ, દિવસો સુધી સારવાર, અનેક તકલીફો સહન કરી. પણ અંતે દીકરાનો હાથ ધીમે ધીમે સરખો થવા લાગ્યો. સુન્ન થઈ ગયેલા હાથની આંગળીઓ હલવા લાગી, ધીમે ધીમે કામ કરવાની કાબેલિયત પણ પાછી આવી. આ વાતને બે વર્ષ થયા. ગવુભા તો એ પૈસા ભૂલી ગયેલા. ત્યાં આજે પાંચસો રૂપિયા હાથમાં લઈને સામે ઊભેલા ડાહ્યાભાઈની વાત સાંભળી ગવુભાએ, "વાહ ડાહ્યા, વાહ! તું ગરીબ છો પણ તારું સ્વાભિમાન સૂર્ય જેવું તેજસ્વી. પૈસાથી માણસ મોટો નથી બનતો, પણ તારી જેમ ઈમાનદારી અને કૃતજ્ઞતા માણસને મહાન બનાવે. તે આ સાબિત કર્યું. આ પૈસા તું રાખ. તે આપવાની ભાવના રાખી એ મોટી વાત."



"ના બાપા, આ પૈસા લઈ લો. પાછા આપવાની ભાવના રાખેલી એટલે જ ભગવાને આપ્યા. તમારું આમ લઈ લવું તો મારામાં મફતનું લેવાની વૃતિ ઊભી થવા માંડે જે મને ન પોષાય." ગવુભાએ હાથમાં પૈસા લીધા. પણ એમની આંખો નાના માણસની આવી ઈમાનદારી જોઈને ભીની થઈ ગઈ. અમે દલતુંગીમાં સાયકલ વિતરણ કર્યું એ વખતે ગવુભાએ આ આખો પ્રસંગ, મંડપમાં બેઠેલા સૌને કહ્યો ને ગર્વ સાથે 'બનવું તો આ ડાહ્યા જેવું બનવું.' એમ કહ્યું.

ग़रीबी मेरी मजबूरी रही, पहचान नहीं,
अपना स्वाभिमान कभी गिरवी रखा नहीं मैंने।

સાહિર લુધિયાનવીની કવિતા આખો પ્રસંગ સાંભળીને યાદ આવી.